જી.આઈ.ડી.સી. પાણી પુરવઠાના વિનિયમો–૧૯૯૧

# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

જાહેરનામું

ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

તા.૧૦ મી ફેબ્રુઆરી, ૨૦૧૦.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨– સુધારો

નં.જીઆઈડીસી/ઈએનજી/એલએડબલ્યુ/એએમડી/૧૮–ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ–૧૯૬૨ (૧૯૬૨ ના ગુજરાત–૨૩માં) ની કલમ–૫૪ થી મળેલ સત્તાની રૂએ અને ઘડવામાં આવેલ તમામ પ્રવર્તમાન નિયમો રદ કરીને ગુજરાત સરકારની પૂર્વ સંમતિ થી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે (ઔદ્યોગિક વસાહતોમાં પાણી પુરવઠા માટે) વિનિયમો–૧૯૯૧ ઘડેલ છે. જે ગુજરાત સરકારશ્રીના રાજપત્રમાં તા. ૩/૧૦/૧૯૯૧ થી પ્રસિધ્ધ થયેલ હતા તેમજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ–૫૪ ની પેટા કલમ ૫૪(૧) સાથે વાંચતા કલમ–૩૨ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ , ગુજરાત સરકારની પૂર્વ મંજૂરી મેળવીને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (ઔદ્યોગિક વસાહતોનો પાણી પૂરવઠો), વિનિયમો ૧૯૯૧ માં વધુ સુધારા સાથે નીચે મુજબના વિનિયમો અમલમાં મુકે છે.

(૧) આ વિનિયમો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (ઔદ્યોગિક વસાહતોનો પાણી પુરવઠો) વિનિયમો, ૧૯૯૧(પ્રથમ સુધારો) વિનિયમો, ૨૦૧૦ તરીકે ઓળખાશે.

(૨) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જે હવે નિગમ તરીકે ઓળખાશે) ની ઔદ્યોગિક વસાહતમાં નિગમના કોઈ પ્લોટ, શેડ અથવા બીજી કોઈ મિલ્કત ધરાવનાર વ્યકિત, નિગમ તરફથી ઔદ્યોગિક વસાહતમાં ચલાવવામાં આવતી પાણી પુરવઠા યોજનામાંથી ઔદ્યોગિક, ઘરગથ્થુ કે અન્ય કોઈ હેતુસર પાણી મેળવવા ઈચ્છતી હોય તો તેમણે તે વસાહતના પાણી પુરવઠા યોજનાનો હવાલો સંભાળતા અધિક્ષક ઈજનેર અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ (હવે પછી પ્રભારી અધિકારી (officer-in-charge) તરીકે ઉલ્લેખેલ) ને આ સાથે જોડેલ નમુના મુજબ અરજી કરવાની રહેશે. પ્રભારી અધિકારી અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ અરજી મંજુર કરશે અને પાણી પુરવઠા યોજનામાંથી અરજદારને નિયત શરતોને આધીન રહીને આ સાથે દર્શાવેલ ખર્ચની ચુકવણી કર્યેથી અને નિગમ સાથે કરારનામું કર્યા પછી પૂરૂ પાડવામાં આવશે.

શરતો અને ખર્ચ :–

(૧) નિગમનાં વોટર વર્કસમાંથી પૂરુ પાડવામાં આવનાર પાણીની ગુણવત્તાનો આધાર, નિગમ વોટર વર્કસ માટે કયા સ્થળેથી પાણી મેળવે છે તેના પર રહેશે. કોઈ કારણસર, પાણીના વપરાશકાર પાણીની ગુણવત્તામાં સુધારો થાય તેમ ઈચ્છતા હોય તો વપરાશકારે એવી સુધારણા માટે પોતાના ખર્ચે ગોઠવણ કરવાની રહેશે.

(૨) પ્રભારી અધિકારી તરફથી નિયત કરવામાં આવે તે કલાકો દરમિયાન જ વપરાશકારને પાણી પુરૂ પાડવામાં આવશે. વપરાશકારને સતત પાણી પુરવઠો જોઈતો હોય તો અને નિગમ એ પ્રમાણે પાણી પુરૂ પાડી શકે તેમ ન હોય તો વપરાશકારે પૂરતા સંગ્રહ માટે પોતાની મેળે જોગવાઈ કરવાની રહેશે. વપરાશકારને જરૂરી પંપ વ્યવસ્થા જોઈતી હશે તો તે તેના ખર્ચે કરી લેવાની રહેશે. પાણીની જરૂરત સતત ન પડતી હોય તો પણ અનિવાર્ય અને અણધાર્યા વિક્ષેપને પહોંચી વળવા સંગ્રહ વ્યવસ્થા અચૂક કરી રાખવી જોઈએ.

(૩) અછત, અકસ્માત અથવા અન્ય કોઈ કારણસર નિગમના વોટરવર્કસના પાણી પુરવઠામાં અસર પડેતો પાણી પુરવઠો બંને તેટલો જલ્દી યથાવત ચાલુ કરવા નિગમ તમામ વ્યાજબી પગલાં લેશે, પરંતુ વપરાશકારને પાણી પૂરવઠો નિષ્ફળ જવાથી કોઈ નુકશાન થશે, તો તે બદલ નિગમ કોઈપણ સંજોગોમાં કોઈપણ કારણસર જવાબદાર ઠરશે નહીં.

(૪) (૧) નિગમની મુખ્ય પુરવઠા લાઈનમાંથી જોડાણ મેળવવા માટેનું ખર્ચ વપરાશકારે ભોગવવાનું રહેશે. સાઈઝ પ્રમાણે જોડાણ મેળવવા માટેનું ખર્ચ નિગમ અવારનવાર નકકી કરે તે પ્રમાણે રહેશે. જયારે પાંચ સેન્ટીમીટર અને એ ઉપરાંતનું જોડાણ મેળવવાનું ખર્ચ પ્રભારી અધિકારી તરફથી અંદાજવામાં આવશે અને વપરાશકાર પાસેથી વસુલ કરવામાં આવશે. આ પ્રકારનું જોડાણ વપરાશકારના પ્લોટ અથવા શેડની સૌથી નજીકની પાઈપ લાઈનમાંથી અથવા વિતરણ વ્યવસ્થાના સૌથી અનુકુળ સ્થળે થી વપરાશકારને જોઈતો પાણીનો જથ્થો આપી શકાય તેમ હોય તે લક્ષમાં રાખીને નિગમ તરફથી આપવામાં આવશે. વપરાશકારે ગંદા પાણીના નિકાલ માટે નિગમની જાહેર નિકાલ વ્યવસ્થા સુધીની પાણી નિકાલ વ્યવસ્થા કરી નહીં હોય અને નિગમના પ્રભારી અધિકારીએ તે મંજૂર કરી નહીં હોય ત્યાં સુધી આવું જોડાણ આપવામાં આવશે નહીં.

(૨) નિગમની મુખ્ય લાઈન પરના જોડાણ સ્થળેથી વપરાશકારના જમીન વિસ્તાર સુધીની અને જમીન વિસ્તારમાંની પાઈપ લાઈન વપરાશકારે પોતાના ખર્ચે નાંખવાની રહેશે. નિગમની પાઈપ લાઈન પરનું જોડાણ નિગમ તરફથી કરવામાં આવશે અને તે માટેનું ખર્ચ નિગમે ઠરાવેલા દરે વસુલ કરવામાં આવશે. રસ્તાને અથવા બીજા કોઈપણ બાંધકામને કોઈ નુકશાન થશે તો પ્રભારી અધિકારીને સંતોષ થાય એ રીતે એ સરખું કરી આપવાનું રહેશે.

(૫) ઔદ્યોગિક વસાહતમાં વપરાશકારને પાણી પુરુ પાડવા માટેના દર જે તે વસાહત માટે નિગમ તરફથી અવારનવાર ઠરાવવામાં આવે તે પ્રમાણે ગણવામાં આવશે. પરંતુ એક વાર નકકી કરેલા પાણીના દરમાં ફેરફાર કરવાનો હશે તો વપરાશકારને એક મહિનાની નોટિસ આપવામાં આવશે.

(૬) વપરાશકાર પોતાના શેડ વિસ્તારમાં સૌથી અનુકુળ જગ્યાએ અને પ્રભારી અધિકારીને સંતોષ થાય એ રીતે પાણી માટે નો પોતાના જોડાણ પર પોતાના ખર્ચે મીટર મુકાવશે અને મીટરને કશું નુકશાન થાય તો તે બદલ

તથા તમામ પ્રકારની મરામત માટે વપરાશકાર જવાબદાર રહેશે. મીટરના રક્ષણ માટે કાચવાળી મીટર પેટી રાખવાની રહેશે એ પેટી સીલ કરવામાં આવશે.

(૭) વપરાશકારને પૂરૂ પાડવામાં આવેલા પાણી બદલ, મીટરમાં નોંધાયેલા વપરાયેલા જથ્થા પ્રમાણે ગણતરી કરવામાં આવશે.

(૮) પાણી માટેનું જોડાણ આપવામાં આવે તે પહેલાં પાણી પુરવઠાની અરજીમાં બે મહિના માટે દર્શાવેલી પાણીની જરૂરીયાતના અંદાજી ખર્ચ જેટલી રકમ શરૂઆતમાં વપરાશકારે અનામત જમીનગીરી તરીકે આપવાની રહેશે. વપરાશકાર તરફની જોડાણ મેળવવામાં આવે તે પછી ખરેખર વપરાયેલા જથ્થાના આધારે પ્રભારી અધિકારી તરફથી નકકી કરવામાં આવે તેટલી રકમની એક મહિના માટે વધારાની અનામત જામીનગીરી પાછળથી જણાવવામાં આવે તે જમા કરાવવાની રહેશે.

(૮)(અ)[૧][વપરાશકાર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પરવાનગી આદેશ નં.......... તા...../....../......... .. માં દર્શાવેલ, મહત્તમ જથ્થાની મર્યાદામાં પાણીનો વપરાશ કરવાનો રહેશે. જો કોઈ વપરાશકાર પરવાનગી આપેલ જથ્થા કરતા વધુ પાણીનો વપરાશ કરશે તો જીઆઈડીસી / નિર્દિષ્ટ વિસ્તાર સત્તા મંડળ / એસોસીએશન / અન્ય પાણી પૂરવઠા યોજનાનું સંચાલન કરનાર સંસ્થા ધ્વારા તાત્કાલિક પાણીનું જોડાણ કાપી નાંખવામાં આવશે અને જીઆઈડીસી / નિર્દિષ્ટ વિસ્તાર સત્તા મંડળ / એસોસીએશન / અન્ય પાણી પૂરવઠા યોજનાનું સંચાલન કરનાર સંસ્થા ધ્વારા સંલગ્ન કાયદા ની જોગવાઈ મુજબ યોગ્ય પગલાં લેવામાં આવશે.]

(૯) નિગમે નકકી કર્યાં પ્રમાણે નિગમના કર્મચારી વર્ગ તરફથી દર મહિને / દર બે મહિને / દર ત્રણ મહિને મીટર વાંચન કરવામાં આવશે. વપરાશકારે પાણીના ખર્ચ પેટે ભરવાની થતી રકમ દર્શાવતા માસિક / દ્વિમાસિક / ત્રિમાસિક બીલ વપરાશકારને પહોંચાડવામાં આવશે અને બિલની તારીખથી પંદર દિવસમાં વપરાશકારે બિલમાં દર્શાવેલી રકમ ભરી દેવાની રહેશે, એ મુદૃત દરમ્યાન રકમ ભરી દેવામાં નહી આવે તો એ લ્હેણી રકમ તેમજ દંડની લાગુ પડતી રકમ પછીના બિલમાં દર્શાવવામાં આવશે અને આવા પછીના બિલમાં દર્શાવેલી કુલ રકમ પણ બિલની તારીખથી પંદર દિવસમાં ભરી દેવામાં નહીં આવે તો વપરાશકારના નામે પાણી પુરવઠાના જે જોડાણ હશે તે તમામ જોડાણો નોટીસ આપ્યા વગર કાપી નાંખવામાં આવશે. બિલમાં દર્શાવેલી રકમ અંગે કોઈ વિવાદ હોય તો પણ બિલમાં દર્શાવેલી રકમ ભરી દેવાની રહેશે અને તે માટેના રિફંડ બદલ માંગણી કરવાની રહેશે.

---

[૧] સદર વિનિયમનો સમાવેશ, જાહેરનામા નં.જીઆઈડીસી/ઈજનેર/એલએડબલ્યુ/એએમડી/૧૮, તા.૧૦/૨/૨૦૧૦ કરેલ છે. જે ગુજરાત સરકારશ્રીના ગેજેટમાં એક્સ્ટ્રા ઓડીનરી ભાગ–૪–સી, પાના નં.૯૦–૧ થી ૯૦–૬, તા.૧૦/૨/૨૦૧૦ થી પ્રસિધ્ધ થયેલ છે.

(૧૦) મીટર વાંચન ખોટું જણાવાના પ્રસંગે, નિગમના ચકાસણી રૂમમાં અથવા નિગમે માન્ય રાખેલી કોઈ અન્ય એજન્સી મારફત વપરાશકારના ખર્ચે મીટરની ચકાસણી કરવામાં આવશે અને બેમાંથી એકે બાજુની દૃષ્ટિએ પાંચ કે તેથી વધુ ટકા જેટલી ખામી જણાશે તેવા પ્રસંગે અથવા મીટર કામ કરતું ન હોય (out of order) તેથી અથવા તેના ઓવરહોલિંગ, કલીનીંગ, ટેસ્ટીંગ કે રીપેરીંગ માટે તે કાઢી લીધું હોય તેથી અથવા કોઈ અન્ય કારણસર વપરાયેલા પાણીના જથ્થાની નોંધ થઈ શકી ન હોય તેવા પ્રસંગે, પાણી પુરવઠા માટે વસુલ કરવાનું ખર્ચ તે મહિનાની તરત અગાઉના મહિના કે પછીના મહિનાના પુરવઠાના આધારે અથવા આગલા વર્ષના એ જ મહિના દરમિયાનના સરેરાશ પુરવઠાના આધારે ગણવામાં આવશે. અથવા પ્રભારી અધિકારીના અભિપ્રાય પ્રમાણે જે ગાળા દરમિયાન પાણીનો વપરાશ એક સરખો રહયો હોવાનો સવિશેષ સંભવ હોય તે ગાળાના પુરવઠાના આધારે ગણવામાં આવશે. સંબંધિત ગાળા દરમિયાન પાણી પુરવઠા પર કોઈ સંજોગોએ મહત્વની અસર પહોંચાડી છે. એમ પ્રભારી અધિકારીના મતે જણાય તો બિલના હિસાબમેળ (adjustment)અંગે નિગમના પ્રભારી અધિકારી તરફથી વિચારણા કરવામાં આવશે. આવું કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહીં હોય તો જોડાણની સાઈઝ, દબાણ, પુરવઠાના કલાક વગેરેને લક્ષમાં લઈને પ્રભારી અધિકારી તરફથી પાણીના વપરાશની ગણતરી કરવામાં આવશે અને નિગમના સબંધિત વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરને અપીલ કરી શકાય એ શરતને આધીન રહીને તેમનો નિર્ણય આખરી અને વપરાશકારને બંધનકર્તા રહેશે.

(૧૧) વપરાશકાર તરફથી ગોઠવવામાં આવેલુ મીટર બગડી જાય તો વપરાશકારે તેની તત્કાળ મરામત કરાવી લેવાની રહેશે અને પ્રભારી અધિકારીએ એ માટે અધિકૃત કરેલી વ્યકિતની હાજરીમાં તે ફરીથી મુકવાનું રહેશે અને આ સંજોગોમાં બે માસ માટે પાણી માટે નું ખર્ચ શરત નં.(૧૦) મુજબ સરેરાશના આધારે ગણવામાં આવશે. ત્યારબાદ પ્રથમ મહિનાના ખર્ચ ઉપરાંત ત્રીજા મહિના માટે ૫૦ % લેખે, ચોથા મહિના માટે ૭૫ % લેખે અને પાંચમાં મહિના માટે ૧૦૦ % લેખે દંડ લેવામાં આવશે. પાંચ મહિનામાં મીટરની મરામત કરાવવામાં નહીં આવે તો પાંચમા મહિના અંતે નોટિસ આપ્યા વગર જોડાણ કાપી નાંખવામાં આવશે અથવા એ જોડાણ મીટર વગરનું છે એમ ગણીને પ્રભારી અધિકારીના વિવેકાધિકાર પ્રમાણે ખર્ચની ગણતરી કરવામાં આવશે.

(૧૨) વપરાશકાર બીજા કોઈ પક્ષકારને પાણીનો ઉપયોગ કરવા દેશે નહીં અથવા જે હેતુસર જોડાણ મેળવવામાં આવ્યુ હોય તે સિવાયના અન્ય કોઈ હેતુસર પાણીનો ઉપયોગ કરી શકશે નહીં. પાણી પુરવઠાનો આવી રીતે ઉપયોગ થયાનું જણાઈ આવશે તો એ રીતે અપાયેલા કે વપરાયેલા પાણી પુરવઠા બદલ બમણાં દરે દંડ વસૂલ કરવામાં આવશે અને આ પ્રમાણે કસૂર કરવાનું ચાલુ રાખશે તો વપરાશકારને ત્રણ દિવસની નોટીસ આપીને જોડાણ કાપી નાખવાની નિગમને સત્તા રહેશે.

(૧૩) નીચેના પ્રસંગોએ પ્રભારી અધિકારીને વપરાશકારની પાઈપ લાઈન તથા નિગમની મુખ્ય પાણી પુરવઠા લાઈન વચ્ચેના વપરાશકારના નામનાં તમામ જોડાણો કાપી નાંખવાની સત્તા રહેશે.

(ક) વપરાશકારની પાઈપ લાઈનમાં ચુવાણ(Leakage) થી અથવા અન્ય કોઈ ખામીઓથી નિગમને નુકસાન થવાનો સંભવ હોય તેવા પ્રસંગે.

(ખ) પ્રભારી અધિકારીએ પાણી નકામું વહી જવા ન દેવા લેખિત નોટીસથી ચેતવણી આપ્યા છતાં વપરાશકાર તરફથી પાણી નકામું વહી જવા દેવાતું હોય તેવા પ્રસંગે.

(ગ) વપરાશકારને શકય હોય તે નોટિસ આપવા છતાં, તૂટેલા પાઈપ કે જોડાણોના પરિણામે પાણી નકામું વહી જવાના પ્રસંગે અને તેથી મિલકતને નુકસાન થવાનો સંભવ હોય તેવા પ્રસંગે.

(ઘ) સર્વિસ પાઈપ, ફિટીંગ અને અન્ય સાધનો તપાસવા માટે અથવા મીટર વાંચન કરવા માટે પ્રભારી અધિકારી કે તેમના અધિકૃત એજન્ટને જમીન પર કે જમીન વિસ્તારમાં પ્રવેશ કરવા દેવાની ના પાડવાના પ્રસંગે.

(ચ) પ્રભારી અધિકારીને વપરાશકારને લેખિત નોટીસ ઈસ્યુ કર્યાની તારીખથી દરેક કેસમાં ૪૮ કલાકની મુદત સુધીમાં વપરાશકાર ખુલ્લામાં રખાયેલી અથવા જમીનની સપાટીથી ઉપર રખાયેલી પાઈપો પ્રભારી અધિકારીએ માન્ય રાખેલી પધ્ધતિ મુજબ સરખી જડાવી (embed) નહીં લે તેવા પ્રસંગે અથવા પ્રભારી અધિકારીના મતે જે સ્થળે પાણી પૂરવઠામાં કોઈ દૂષણ ફેલાય તેમ હોય તે સ્થળેથી પાઈપ લાઈન ખસેડી લેવામાં નહીં આવે તેવા પ્રસંગે.

(છ) પાઈપમાંથી વધુ પાણી પૂરવઠો મેળવવા માટે સર્વિસ પાઈપ પર પંપ કે અન્ય કોઈ સાધન અનઅધિકૃત રીતે લગાડવાના પ્રસંગે.

(જ) નકામા પાણીના યોગ્ય નિકાલ માટે અનુકુળ વ્યવસથા ગોઠવવામાં વપરાશકાર કસૂર કરે તેવા પ્રસંગે.

(ઝ) ગોઠવવામાં આવેલા મીટરની અવગણના થાય એ રીતે જોડાણમાંથી પાણી પુરવઠો બારોબાર મેળ વવાનો કોઈ પ્રયાસ કરવાના પ્રસંગે.

(ટ) મીટર સાથે કોઈ પ્રકારે ચેડા કરવાના પ્રસંગે.

(ઠ) અનઅધિકૃત રીતે બોર કરવાના પ્રસંગે.

(ડ) વપરાશકાર તરફથી પ્રદૂષણનો ઉપદ્રવ પેદા કરવામાં આવ્યો હોય ત્યારે કાર્યપાલક ઈજનેરની પૂર્વ સંમતિ મેળવવાના પ્રસંગે.

(ઢ) વપરાશકાર તરફથી કોઈપણ તબકકે કોઈ અનધિકૃત બાંધકામ કરવામાં આવ્યુ હોય ત્યારે કાર્યપાલક ઈજનેરની પૂર્વ સંમતિ મેળવવાના પ્રસંગે.

(ણ) [2][ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પરવાનગી આદેશ નંબર..............તા....../....../.........કરતા વધુ પાણીનો જથ્થો વપરાશ કરવાના પ્રસંગે.]

(ય) [3][ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ના પ્લોટ અથવા શેડ અથવા અન્ય અસ્કયામતો ધરાવનાર વપરાશકાર ધ્વારા નિગમના કોઈપણ બાકી લેણાની રકમ ભરપાઈ કરવા પ્રાદેશિક મેનેજર તરફથી આપેલ નોટિસની ૧૫ દિવસની સમય મર્યાદા પૂર્ણ થવા છતાં ચૂકવણું નહીં કરવાના પ્રસંગે.]

(૧૪) પાણીનું જોડાણ વપરાશકારની કોઈ કસૂરના કારણે કાપી નાંખવામાં આવ્યુ હશે ત્યારે, ફેર જોડાણ માટે તે સમયે અમલમાં હોય તે દરે વપરાશકારે ફેર જોડાણ માટે ની રકમ ભર્યા પછી જ અને તમામ લ્હેણી રકમ ચૂકવી દીધા પછી જ જોડાણ ચાલુ કરવામાં આવશે.

(૧૫) [4][પ્રથમ ત્રણ વર્ષો વિત્યા પછી વપરાશકાર પ્રભારી અધિકારીને પંદર દિવસની નોટિસ આપીને પાણીનું જોડાણ બંધ કરાવી શકાશે. આવા પ્રસંગે ફેર જોડાણ માટે નિગમે ઠરાવેલા દર કરતાં અડધા દરે ચૂકણી કરવાની રહેશે. વપરાશકારે નોટીસની મુદતના અંત સુધીનું પાણીનું બીલ ચુકવવાનું રહેશે. વળી, નિગમ ધ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ જોડાણ કપાત થવાનું કારણ લક્ષમાં લીધા વિના બીનજોડાણના સમયગાળા દરમ્યાન વપરાશકારે ૧૫ મીમી ના જોડાણમાંથી ઉપલબ્ધ થતા મહત્તમ જથ્થા પ્રમાણે પાણીના લઘુત્તમ દર (મીનીમમ ચાર્જ) ભરપાઈ કરવાના રહેશે.]

(૧૬) પાણીના જોડાણની માલિકી બદલવાના પ્રસંગે, નવા વપરાશકારે પ્રભારી અધિકારીને પોતાના નામે જોડાણ નોંધવવા માટે અરજી કરવાની રહેશે, અને કરારનામું કર્યા પછી અને પ્રભારી અધિકારીએ મંજૂરી આપ્યા પછી જ તે પાણી લેવા હકકદાર બનશે. નિગમ પ્રત્યેની અગાઉની તમામ લ્હેણી રકમ અને તમામ જવાબદારી પૂરેપૂરી અદા કરવામાં આવશે તે પછી જ નવું જોડાણ મંજૂર કરવામાં આવશે.

(૧૬)(અ)[5][વિનિયમ –૮ (અ) માં દર્શાવ્યા મુજબ લાગુ પડશે.]

---

[2]અને[3] સદર વિનિયમોનો સમાવેશ, જાહેરનામા નં.જીઆઈડીસી/ઈજનેર/એલએડબલ્યુ/એએમડી/૧૮, તા.૧૦/૨/૨૦૧૦ કરેલ છે. જે ગુજરાત સરકારશ્રીના ગેજેટમાં એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ–૪–સી, પાના નં.૬૦–૧ થી ૬૦–૬, તા.૧૦/૨/૨૦૧૦ થી પ્રસિધ્ધ થયેલ છે.

[4] સદર વિનિયમનો સુધારો, ઉપર્યુકત જાહેરનામા મુજબ થયેલ છે.

[5] સદર વિનિયમનો સમાવેશ ઉપર્યુકત જાહેરનામા મુજબ થયેલ છે.

(૧૭) નિગમની ઔદ્યોગિક વસાહતની હદ બહારના જમીન વિસ્તારમાં જોડાણ આપવામાં આવ્યુ હશે તો સંબધિત ઔદ્યોગિક વસાહત માટે નિગમે અવાર–નવાર ઠરાવેલ પ્રવર્તમાન દર કરતાં બમણા દરે પાણીના ખર્ચની ગણતરી કરવામાં આવશે અને અહીં દર્શાવેલી શરતોને આધીન રહીને તેમજ જોડાણ આપતી વખતે જણાવવામાં આવે તે ફેરફાર તથા સુધારા વધારાને આધીન રહીને પાણી પૂરવઠો અપાશે, તેમજ વખતો વખત અમલમાં હોય તે પાણી પુરવઠા નિયમો તેમને પણ લાગુ પડશે.

(૧૮) કોઈ વપરાશકાર તરફથી નિગમની મંજૂર મેળવ્યા વિના પાણી લેવામાં આવ્યું હશે તો અનઅધિકૃત જોડાણ કાપી નાંખવામાં આવશે અને જોડાણનો કબજો લીધાની તારીખથી પ્રભારી અધિકારી એ અંદાજયા મુજબના પાણીના જથ્થાના સંભવિત વપરાશ બદલ, તે માટે ઠરાવેલા દર કરતાં ચાર ગણા દરે અથવા વપરાયેલા પાણીના સંભવિત જથ્થાના આધારે પ્રભારી અધિકારી પોતાના વિવેકાધિકાર પ્રમાણે નકકી કરે તે મુજબ, પાણીના ખર્ચની ગણતરી કરવામાં આવશે.

(૧૯) જોડાણ કાપી નાંખવામાં આવે તેવા પ્રસંગે અવાર–નવાર અમલમાં હોય તે મુજબના સુધારેલા દરે ફેર જોડાણનું ખર્ચ ચુકવવાનું રહેશે.

(૨૦) આ શરતો હેઠળ નિગમ તરફથી અપાયેલું જોડાણ, આ ઉપરાંત ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ તથા તે હેઠળ ઘડવામાં અવેલા અને વખતોવખત અમલમાં હોય તે વિનયમોને આધીન રહેશે.

(૨૧) વપરાશકારે ભારતીય માનક સંસ્થા (I.S.I) એ પ્રમાણિત કરેલું વોટર મીટર પુરૂ પાડવાનું રહેશે. મીટરનું માપાકંન ચકાસવાનો નિગમનો અધિકાર રહેશે.

(૨૨) [૬][સદર વિનિયમ રદ કરવામાં આવે છે.]

---

[૬] સદર વિનિયમ જાહેરનામા નં.જીઆઈડીસી/ઈજનેર/એલ.એ/ડબલ્યુ/એએમડી/૧૮, તા.૧૦/૨/૨૦૧૦ થી રદ કરેલ છે. જે ગુજરાત સરકારશ્રીના ગેજેટમાં એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ–૪–સી, પાના નં.૬૦–૧ થી ૬૦–૬, તા.૧૦/૨/૨૦૧૦ થી પ્રસિધ્ધ થયેલ છે.

(૨૩) [૭][જો કોઈપણ વપરાશકારના જમીન વિસ્તારમાં ગેરકાયદેસર બોર બનાવેલ માલુમ પડશે તો બોરના પાણીના (નિગમ ધ્વારા નકકી કરવામાં આવે તે પધ્ધતિ મુજબ પાણીના જથ્થાની ગણત્રી કરવામાં આવશે) વપરાશ માટે પાણીના પ્રવર્તમાન દર કરતા બમણા દરે ચૂકવણું કરવાનું રહેશે. ઉપરાંત, આ અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો અનુસાર નિગમ ધ્વારા કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.]

By order of the Gujarat Industrial Development Corporation

Sd/-

Vice Chairman & Managing Director.

---

[૭] સદર વિનિયમનો સુધારો જાહેરનામા નં.જીઆઈડીસી/ઈજનેર/એલએડબલ્યુ/એએમડી/૧૮, તા.૧૦/૨/૨૦૧૦ થી કરેલ છે. જે ગુજરાત સરકારશ્રીના ગેજેટમાં એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ–૪–સી, પાના નં.૬૦–૧ થી ૬૦–૬, તા.૧૦/૨/૨૦૧૦ થી પ્રસિધ્ધ થયેલ છે.

Special Adhesive
Stamp of Rs.100/-

G.I.D.C. Water Supply Rules -1991
First Amendment
2010

# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

## અરજી પત્ર

પ્રતિ,
નાયબ કાર્યપાલક ઈજનેર,
.................................ઔદ્યોગિક વસાહત,
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
..............................................

શ્રીમાન,

................................................ ઔદ્યોગિક વિસ્તાર/ વસાહતમાં હું / અમે જે જમીન વિસ્તાર ધરાવું છું/ ધરાવીએ છીએ તેમાં પાણી પુરું પાડવા માટે આ અરજી કરું છું/ કરીએ છીએ. જરૂરી વિગતો નીચે પ્રમાણે છે.

(૧) અરજદારનું પુરૂં નામ અને સરનામું :

(૨) જે જમીન વિસ્તાર માટે પાણી પુરવઠાની જરૂર છે તેની વિગત :

(૩) દરરોજ જોઈતા ઓછામાં ઓછા અને વધુમાં વધુ પાણી પુરવઠા : ની સાચી વિગત

(૪) જી.પી.સી.બી. ના પરવાનગી આદેશ નં................તા....../...../..........મુજબ પાણીનો મંજૂર જથ્થો......................... ઘનમીટર/દિવસ

(૫) જી.પી.સી.બી. ના પરવાનગી આદેશ નં/નાં વાંધા પ્રમાણપત્ર............. તા......./....../..............મુજબ ગંદા પાણી/ઘરઘથ્થુ સુએઝ નિકાલ અંગે મંજૂર જથ્થો...................... ઘનમીટર/દિવસ

(૬) જી.પી.સી.બી. ના સી.સી.એ. માં પરવાનગી મુજબ હેતુદિઠ પાણીની જરૂરીયાતનો જથ્થો :
(અ) ઔદ્યોગિક હેતુ માટે...................ઘન મીટર/દિવસ
(બ) ઘરઘથ્થુ હેતુ માટે.....................ઘન મીટર/દિવસ
(ક) બાંધકામ ના હેતુ માટે................ઘન મીટર/દિવસ
કુલ પાણીનો જથ્થો .................... ઘનમીટર/દિવસ

(૭) અરજદાર કઈ હેસિયતથી જમીન વિસ્તાર ધરાવે છે એટલે કે–
(૧) લાયસન્સદાર પટો ધરાવનાર (lease), ભાડે રાખનાર (hirer) કે માલિક તરીકે અથવા જમીન વિસ્તારની વ્યવસ્થા (management) અથવા જમીન વિસ્તારમાં હાથ ધરાયેલા વેપારનો હવાલો ધરાવનાર તરીકે અને એ અંગે કરાર કે અન્ય કોઈ કોઈ દસ્તાવેજ કરવામાં આવ્યા હોય તેની વિગત.
(૨) જોડાણની વિગત દર્શાવતો પ્લાન સાથે જોડયો છે.
(૩) હું/અમે આથી જાહેર કરું છું / કરીએ છીએ કે હું /અમે નિગમની પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પુરું પાડવા માટે અત્યારે જે શરતો અમલમાં છે તે તમામ શરતો તથા નિગમ તરફથી અવાર નવાર તેમાં જે સુધારા વધારા કે ફેરફાર કરવામાં આવે અથવા તેમાંથી રદ કરવામાં આવે તે પ્રમાણેની શરતોનું પાલન કરીશ/કરીશુ અને નિગમ તરફથી અવાર નવાર ઠરાવવામાં આવેલા દરે, મને/ અમને પુરા પાડવામાં આવેલા પાણી માટે હું/અમે ખર્ચની રકમ તથા ઉક્ત શરતો હેઠળ મારે/અમારે ભરવાના થતાં અન્ય કોઈ ચાર્જ તથા ખર્ચની રકમ ભરીશ/ભરીશુ.

બીડાણઃ– (૧) મંજુર થયેલ નકશાની નકલ.
(૨) ફાળવણી કરારની નકલ.
(૩) જીપીસીબી તરફથી મળેલ મંજુરીની નકલ.

આપનો વિશ્વાસુ

( )

ફકત કચેરીના ઉપયોગ માટે :

પાણીના જોડાણ ચાર્જીસ / ડીપોઝીટ વિગેરે ટી.આર.નંબરઃ .................તા......./......./................થી મળેલ છે. પાણીનુ જોડાણ તા......../......../................ના રોજ આપેલ છે.